પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૧૨, કુલ પાના:૪, તારીખ: ૦૨-૦૧-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 112 PRICE :-RS. 1.50 DATE : 02-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આજથી સમગ્ર દેશમાં વેક્સીનનો ડ્રાઈ રન શરુ થશે

# કોરોના વેક્સીન કોવિશીલ્ડને ભારતમાં ઈમરજન્સી ઉપયોગની મંજૂરી

ન્યુ દિલ્હી,
નવા વર્ષની શરૂઆત સાથે જ સવાસો કરોડ ભારતીયોને મોટી ભેટ મળી છે. કોરોના વેક્સીનને લઈને આજે નિષ્ણાંતોની બનેલી એક ટીમે કોરોનાની પહેલી જ વેક્સીનની મંજુરી આપી દીધી છે. દેશમાં જ બનેલી સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોવિશીલ્ડને ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી આપી દેવામાં આવી છે. આવતી કાલે એટલે કે ૨ જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં વેક્સીન ડ્રાઈ રન કરવામાં આવેલ છે.




જોકે સરકારના ટોચના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા પ્રમાણે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડને સબ્જેક્ટ એક્સપર્ટની કમિટી દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. પરંતુ આ મામલે અંતિમ નિર્ણય DCGI દ્વારા અંતિમ નિર્ણય લેવાનો હજી બાકી છે.સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બેઠકમાં અમેરિકાની ફાઈઝર, ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ એમ ત્રણેય ફાર્મા કંપનીઓએ એક પછી એક પોતાનું પ્રેઝંટેશન આપ્યું હતું. આ બેઠકમાં ગુજરાતની ડાયડસ કેડિલા પણ શામેલ થઈ હતી. સીરમ ઈન્સ્ટિટ્યૂટનું પ્રેઝંટેશન એકદમ સટીક રહ્યું હતું. આ સાથે જ સીરમની કોરોનાની વેક્સીન કોવિશીલ્ડને ભારતમાં ઈમરજન્સી ઉપયોગની મંજુરી આપી દેવામાં આવી છે.

જો કે સીરમ બાદ હૈદરાબાદ ખાતે આવેલી ભારત બાયોટેક ફાર્મા કંપની દ્વારા કોરોના વેક્સીનનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. અંતમાં અમેરિકાની દિગ્ગજ ફાર્મા કંપની ફાઈઝરનું પ્રેઝન્ટેશન રહેશે.જાહેર છે કે, અત્યાર સુધીમાં કોરોનાની રસી માટેની બે બેઠકો થઈ ચુકી છે. આ બેઠકોમાં વેક્સીન કંપનીઓ પાસેથી વધારે પ્રમાણમાં ડેટાની માંગણી કરવામાં આવી હતી. આજે યોજાયેલી સબ્જેક્ટ

**ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા દ્વારા બનાવેલ વિશેષ પેનલે આ વિશે નિર્ણય કર્યો**

કમિટીની બીજી બેઠકમાં આખરે સીરમ ઈન્સ્ટિટ્યૂટની વેક્સીન કોવિશીલ્ડને ભારતમાં ઈમરજન્સી ઉપયોગની મંજુરી આપી દેવામાં આવી હતી. આમ કોવિશીલ્ડ ભારતની પહેલી કોરોના રસી બની ગઈ છે જેને ઉપયોગ માટે મંજુરી આપવામાં આવી છે.

ભારતમાં ખુણે ખુણે સુધી કોરોનાની વેક્સીનને પહોંચાડવાની બ્લ્યૂ પ્રિંટ મોદી સરકાર દ્વારા તૈયાર કરી લેવામાં આવી છે. આવતી કાલથી દેશભરમાં સૌથી મોટું વેક્સીનેશન અભિયાન ચલાવવામાં આવશે. આવતી કાલથી ભારતમાં ડ્રાઈ રનની શરૂઆત થવા જઈ રહી છે. ભારત સરકારનું આ મેગા અભિયાન દુનિયા આખીને ચોંકાવશે તેમ માનવામાં આવે છે.

## ચીનમાં નવા કોરોના વાયરસ સ્ટ્રેનનો પહેલો કેસ સામે આવતા હડકંપ

બેઈજિંગ,
ચીનમાં નવા કોરોના વાઈરસ સ્ટ્રેનનો પહેલો કેસ જોવા મળ્યો હોવાના અહેવાલે ખળભળાટ મચાવી દીધો હતો.

૨૦૨૦ના આરંભે પહેલીવાર કોરોના વાઈરસ ફેલાયો ત્યારે ચીનના વુહાન પ્રાંતમાંથી બહાર આવ્યો હતો. ચીને જો કે પોતાને ત્યાં આવું કશું બન્યું હોવાનો ઈનકાર કર્યો હતો પરંતુ ખુદ ચીનના નિષ્ણાત ડૉક્ટરે ભાંડો ફોડી નાખ્યો હતો અને પાછળથી એ ડૉક્ટર શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ પામ્યા હતા.જો કે કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન સૌ પ્રથમ બ્રિટનમાં જોવા મળ્યો હતો. એના પગલે ત્યાં વિજ્ઞાનીઓ અને ડૉક્ટરોમાં ખળભળાટ થઇ ગયો હતો. હજુ તો ૨૨૦૨૦ના જૂન વાઈરસ કાબુમાં આવ્યા નથી. ઠેર ઠેર રસીકરણ શરૂ થયું હતું ત્યારે નવા વાઈરસ સ્ટ્રેન આવી પડતાં સ્વાભાવિક રીતેજ આખી દુનિયામાં સનસનાટી ફેલાઇ ગઇ હતી.

આ સપ્તાહે બ્રિટનથી ભારત આવેલા વીસેક જણમાં પણ નવા કોરોના વાઈરસ સ્ટ્રેન જોવા મળ્યા હતા. જો કે કોરોનાની રસી બનાવનારી કંપનીઓએ એવો દાવો કર્યો હતો કે કોરોના માટે તૈયાર કરાયેલી રસી નાવા સ્ટ્રેન પર પણ અસર કરશે.બ્રિટનમાં તો ડિસેંબરની છેલ્લી તારીખથી કડક લૉકડાઉન



લાદવામાં આવ્યો હતો. ખુદ બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જહૉન્સને એવો દાવો કર્યો હતો કે અગાઉ કદી જોવા ન મળ્યો હોય એવો લૉકડાઉન બ્રિટનના ૭૫ ટકા વિસ્તારોમાં લાદી દેવામાં આવ્યો હતો. દરમિયાન, ચીને ગુરૂવારે એવો દાવો કર્યો હતો કે અમારી એક કંપની સિનોફાર્મે કોરોનાની અકસીર રસી શોધી કાઢી હતી અને બીજિંગ ઈન્સ્ટીટ્યુટ ઑફ બાયોલોજિકલ પ્રોડક્ટ્સ દ્વારા એ રસી લોકોને આપવામાં આવશે.જો કે નવા કોરોના વાઈરસ સ્ટ્રેન અંગે ચીને કોઇ પ્રતિભાવ કે વિગતો જાહેર કરી નહોતી. ચીનમાં આવો પહેલો કેસ બહાર આવ્યાનું રોઈટરના એક અહેવાલમાં જણાવાયું હતું. પોતાને આ માહિતી ક્યાંથી મળી એ રોઈટરે જાહેર કર્યું નહોતું.

### ગાઢ ધૂમ્મસના કારણે ઉ.પ્રદેશમાં એક્સપ્રેસ-વે પર ૨૦ વાહનો વચ્ચે અકસ્માત



આજે સવારે એવું જ કંઈક બન્યું હતું. પ્રથમદર્શી અહેવાલ મુજબ ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે પર એક સાથે વીસ વાહનો એકબીજાની જોડે અથડાયાં હતાં. આવી અથડામણમાં પોલીસની કારનો પણ સમાવેશ થયો હતો. આ લખાઈ રહ્યું હતું ત્યાં સુધી જાનહાનિના સમાચાર મળ્યા નહોતા પરંતુ ઘણા લોકોન ઈજા થઇ હતી. એ સૌને બાગપત જિલ્લા હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા.

## નવા વર્ષના પ્રથમ દિવસે જ રાંધણ ગેસની કિંમતમાં ૧૭ રૂપિયાનો વધારો



ન્યુ દિલ્હી,
ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ નવા વર્ષના પહેલા દિવસે જ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. કંપનીઓએ ડિસેમ્બર મહિનામાં રાંધણ ગેસ એટલે કે એલપીજી સિલિન્ડરના ભાવમાં બે વખત વધારો કરી ૧૦૦ રૂપિયા ભાવ વધી ગયો છે. સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરનો ભાવ ૬૪૪ રૂપિયાથી વધીને ૬૯૪ રૂપિયા થઈ ગયો છે. જોકે, સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામ સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો નહોતો કરવામાં આવ્યો. આ વધારો કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કરવામાં આવ્યો છે.છેલ્લા એક મહિનામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૯૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવેમ્બર મહિનામાં ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ગ્રાહકોને ૧૨૯૦ રૂપિયામાં મળી રહ્યો હતો. જે એક ડિસેમ્બરથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ૯૧ રૂપિયા વધી ગયો અને સિલિન્ડરના ભાવ ૧૩૮૧.૫૦ રૂપિયા થઈ ગયો.રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોગ્રામવાળા એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭ રૂપિયા સુધી વધારો કરવામાં આવ્યો. ભાવ વધવાથી ૧,૩૩૨ રૂપિયાવાળો સિલિન્ડર ૧,૩૪૯ રૂપિયા થઈ ગયો . બીજી તરફ કોલકાતામાં ૧૯ કિલો ગ્રામવાળા એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમત ૧,૩૮૭.૫૦ રૂપિયાથી વધારીને ૧,૪૧૦ રૂપિયા પર આવી ગઈ છે. અહીં કિંમતોમાં ૨૨.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો થયો છે.મુંબઈ એન ચેન્નઈની વાત કરીએ તો ૧,૨૯૭.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર અને ૧,૪૬૩.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર પર પહોંચી ગયો છે. આ બંનેમહાનગરોમાં ૧૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

## અર્થતંત્ર પાટે ચડ્યું: ડિસેમ્બરમાં જીએસટી કલેક્શન રેકોર્ડબ્રેક રૂ.૧.૧૫ લાખ કરોડને પાર




ન્યુ દિલ્હી,
૨૦૨૧ના નવા વર્ષે ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર આવ્યા છે. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ક્લેક્શન રૂ.૧.૧૫ લાખ કરોડ નોંધાયુ છે જે અત્યાર સુધીનું રેકોર્ડ બ્રેક ક્લેક્શન છે.

નાણાં મંત્રાલયના આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં GST પેટે કુલ રૂ. ૧,૧૫,૧૭૪ કરોડની વસૂલાત કરવામાં આવી છે જે વાર્ષિક તુલનાએ GST ક્લેક્શનમાં ૧૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ગત મહિને ગુડ્સની આયાતથી રેવન્યૂ ૨૭ ટકા અને ઘરઆંગણે માલસામાનના ટ્રાન્સપોર્ટથી થતી આવકમાં ૮ ટકાની વૃદ્ધિ થઈ છે.

ભારતમાં જુલાઇ ૨૦૧૭મા નવી કરપ્રણાલી જીએસટીના અમલીકરણ બાદ પ્રથમવાર ડિસેમ્બર ૨૦૨૦માં રૂ. ૧.૧૫ લાખ કરોડથી વધુ વિક્રમજનક જીએસટી ક્લેક્શન નોંધાયુ છે. તેની પહેલા સૌથી વધુ જીએસટીક્લેક્શન .......

(પાન નં.૨....)

## ઈન્ડિયન એરફોર્સના ત્રણ કર્મચારીની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપ હેઠળ ધરપકડ

લુધિયાણા,
લુધિયાણા પોલીસે ભારતીય હવાઈ દળના કર્મચારી સહિત કુલ ત્રણ જણની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરી હતી.આ ત્રણે જણ હવાઈ દળના હલવારા મથકની તસવીરો પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈને પહોંચાડતા હોવાનો તેમના પર આક્ષેપ મૂકાયો હતો.ઈન્ડિયન પીનલ કૉડની ત્રણ જુદી જુદી કલમ હેઠળ તેમની સામે આરોપ મૂકવામાં આવ્યા હતા. આ ત્રણ કલમોમાં દેશદ્રોહ, સરકારી ગુપ્ત બાબતોને લગતા કાયદાનું ઉલ્લંઘન અને ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવ ધારાનો સમાવેશ થયો હતો. આ ત્રણે ખાલિસ્તાની આતંકવાદ સાથે પણ જોડાયેલા હોવાનો આક્ષેપ છે. એ લોકો પંજાબમાં કાયદો અને વ્યવસ્થા ખોરવી નાખવા માગતા હતા.

આ લોકોએ પાકિસ્તાનની બદનામ ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને હલવારા હવાઈ મથકના ફોટોગ્રાફ્સ મોકલ્યા હતા. આ લોકો પાકિસ્તાનથી ગેરકાયદે રીતે હથિયારો પ્રાપ્ત કરવા માગતા હતા. હથિયારોની ગેરકાયદે હેરફેરની પણ તેમની યોજના હતી. આ ત્રણેની ઓળખ રામ સિંઘ (હલવારા મથકમાં ડિઝલ મિકેનીક તરીકે કામ કરતો હતો), સુખકિરણ સિંઘ અને શાબિર અલી તરીકે કરવામાં આવી હતી.

અત્રે એ નોંધનીય છે કે રામ સિંઘ હજુ તો થોડા મહિના પહેલાંજ કુવૈતથી ભારત પાછો ફર્યો હતો. લુધિયાણા પોલીસના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ પહેલાં રામ સિંઘને ઝડપી લેવાયો હતો. બાકીના બેની ધરપકડ બુધવારે કરાઇ હતી. તેમને રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. આ ત્રણમાં સુખકિરણ સિંઘ અગાઉ એક હત્યા કરવા માટે જેલમાં જઇ આવ્યો હતો. એણે રામદાસ સિંઘ પાસે હલવારા હવાઈ મથકની તસવીરો માગી હતી.

## ખેડૂતોનું નવા વર્ષે પણ દિલ્હી સરહદે વિરોધ પ્રદર્શન જારી, અન્ય બે માંગ પર અડગ

ન્યુ દિલ્હી,
દિલ્હીની સરહદ પર હજારો ખેડૂતો ત્રણ કૃષિ કાયદાને પરત ખેંચવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૨૦૨૧ના પ્રથમ દિવસે પણ તેમનું આંદોલન યથાવત્ છે અને ખેડૂતો કડકડી ઠંડીમાં પણ મક્કમ જણાઈ રહ્યા છે. સરકાર સાથે થયેલી તાજેતરની બેઠકમાં ચાર પૈકીના બે મુદ્દાઓ પર સમાધાન સાધવામાં આવ્યું હતું. જો કે ખેડૂતો બીજા બે મુદ્દાઓ પર પણ પીછેહઠ કરવાના મૂડમાં નથી. ખેડૂતો ૨૬ નવેમ્બરથી સિંધુ,



ગાઝીપુર અને ટિકરી બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

વરિષ્ઠ ખેડૂત નેતા ગુરનામ સિંહ ચદૌનીએ જણાવ્યું હતું કે, ખેડૂતો ટેકાના ભાવ પર લીગલ ગેરન્ટી અને નવા કૃષિ કાયદા પરત ખેંચવાની બે માંગ પર કોઈપણ કાળે પીછેહઠ કરવા તૈયાર નથી. તાજેતરની બેઠકમાં કેન્દ્ર સરકારે બે માંગો કૃષિ કાયદામાં પરાળ બાળવા પર ખેડૂતો સામે ગુનો નોંધવાની જોગવાઈને પડતી મુકવા તેમજ પ્રસ્તાવિક સંશોધિત વિજ કાયદાને સ્થગિત રાખવા તૈયારી દર્શાવી હતી. ખેડૂતો તેમની બીજી બે માંગો પર અડગ છે અને તેનો કોઈ જ વિકલ્પ નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઓલ ઈન્ડિયા કિસાન સંઘર્ષ સમિતિએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે કેન્દ્રની કૃષિ કાયદાને રદ કરવા માટે ખેડૂતો પાસે અન્ય વિકલ્પની અપીલ અસંભવ છે. નવા કાયદાને લીધે કૃષિ બજારો, ખેડૂતોની જમીન તેમજ ફૂડ ચેઈનનું સંચાલન કોર્પોરેટ્સના હાથમાં જશે.

નોંધનીય છે કે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે મંત્રીઓ અને ૪૧ ખેડૂત પ્રતિનિધિઓ સાથેની છઠ્ઠા તબક્કાની બેઠક બાદ જણાવ્યું હતું કે ચાર પૈકી બે મુદ્દાઓ પર સહમતિ સધાઈ છે. તોમરે વધુમાં ઉમેર્યું હતું કે ખેડૂત નેતાઓ સાથે આગામી બેઠક ૪ જાન્યુઆરીએ યોજાશે.

હવે ખેડૂતો પોતાના બીજા બે વિકલ્પ પર અડગ હોવાનું જણાતા સરકાર સાથે વાટાઘાટ સફળ થશે કે મડાગાંઠ યથાવત્ રહેશે તે મહત્વનું બની રહેશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વિવિધ હેતુલક્ષી મહિલા જૂથ બટકવાડા
મુ. બટકવાડા (કોતર),
તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. બી. પટેલ
બટકવાડા મુ. (કોતર),
તા. સંતરામપુર

# સંતરામપુર તાલુકાના બાબરોલ ગામે વિવિધ વિસ્તારોમાં ધારાસભ્યે લીધેલી મુલાકાત



સંતરામપુર, સંતરામપુર તાલુકાના બાબરોલ ગામે વિવિધ વિસ્તારોમાં જયાં કોઈપણ પ્રકારનો રસ્તો કાઢવાનો વિકલ્પ નથી તેવા વિસ્તારોમાં સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર, બાબરા ગામ પંચાયતના શંકરભાઈ તાવિયા, બાબરોલ ગામના વિવિધ વિસ્તારોમાં પાંચ કિલોમીટર ચાલીને પાત્ર ફળિયા વડલી લીમડા હોળી જે આ વિસ્તારો છે. જયાં અંતરિયાળ વિસ્તારમાં પાંચ–પાંચ કિલોમીટર ચાલીને ગામમાં રહેતા ગ્રામજનોની જવું પડતું હોય છે. આખો વિસ્તાર ચારેબાજુથી ડુંગરાળ વિસ્તાર આવેલો છે. આ ગામની અંદર વર્ષોથી રસ્તાની સુવિધા થી અભાવ રહેલા છે. ગ્રામજનોએ રસ્તાની સુવિધા માટે રજૂઆત કરેલી સંતરામપુરના ધારાસભ્યોને આજે બાબરોલ ગામમાં ગ્રામજનો સાથે બેઠક કરીને સરપંચ અને સંતરામપુરના ધારાસભ્ય રસ્તાની સુવિધા પૂરા પાડવા માટેની ટૂંક સમયમા તમારા પ્રશ્નો આ સમસ્યા ઉકેલ કરવા માટે ઉચ્ચકક્ષા સુધી રજૂઆતમાં કરશો અને આ સમસ્યાનો નિરાકરણ લાવવા માટે બાહેધરી આપવામાં આવી હતી.

# નવા વર્ષે સંકલ્પ લઈએ : જયાં સુધી વેકસીન નહીં ત્યાં સુધી ઢીલાશ નહીં

લુણાવાડા, આગમાં પણ ખાક થયુ, લૂંટાયું પણ ખરૂં, રોગચાળો, પુર અને બીજી અનેક આપત્તિઓનો સામનો કરી બમણા વેગથી વિકાસની સ્પીડ પકડી બેઠા થવું એ આપણી ખુમારી છે અને એ આપણે જોઈ પણ છે.

વર્ષો થી નવું કરવાનું, નૂતન અભિગમો, પહેલ કરવી, સાહસ કરવાની વૃત્તિ ધરાવતી આ ધરતીએ અનેક વીરલાઓ આપ્યાં છે. મહીસાગર જિલ્લા ના નાગરિકો જો પોતાની સંકલ્પબદ્ધતા દાખવે તો કદાચ કોરોનાને ભગાડવામાં રાજ્ય કે દેશમાંજ નહીં પણ વિશ્વને પ્રેરણા આપવાની શક્તિ ધરાવે એવા છે. આપણા આ મહીસાગરના નાગરિકો.

સૌને નવો રસ્તો બતાવવાની ક્ષમતા પણ મહીસાગરવાસીઓમાં છે જ... મહીસાગરવાસીઓએ પોતાની કાળજી લઇ અન્યોને કોરોના સંક્રમણથી બચાવવાનું કાર્ય કરવાનું છે. જે માટે કેટલાક મહીસાગરવાસીઓ પ્રેરણારૂપ કાર્ય કરી પણ રહયા છે.

આ સમય છે, ધૈર્ય સાથે દ્રઢતાપૂર્વક સંકલ્પ કરી સ્વયં શિસ્તનું પાલન કરવાનો...શ્રદ્ધા –વિશ્વાસ – સાવચેતી સાથે પોઝીટીવ વિચાર–આચાર અને નવા રસ્તા કંડારવાનો.ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કોરોના સંક્રમણને અટકાવવા તાકીદે લોકડાઉન જાહેર કરી આપણને સૌને મોટી જાનહાનિથી બચાવ્યા. હવે વારો છે આપણો...કોરોના સંક્રમણ સામે રાજ્ય સરકાર, આરોગ્ય વિભાગની આદર્શ આચાર સંહિતાનું પાલન કરીને નૈતિક જવાબદારી નિભાવવાનો

હજુ પણ ઘણા લોકો જાણે કે કોરોના ગયો એમ માનીને બિનદાસ ફરતાં રહે છે. પણ હજુ કોરોના ગયો નથી. આજે વિશ્વ પણ તેની સામે પૂરી તાકાતથી લડી અને ઝઝૂમી રહ્યું છે. આપણી જરાશી લાપરવાહી આપણને મોટા જોખમમાં મૂકી શકે છે. માટે આપણે હજુ એક વાત ચોકકસ સમજી અને જાણી લેવાની જરૂર છે કે, હજુ કોરોનો ગયો નથી.

ગુજરાત સરકાર તેમજ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી તથા આરોગ્ય વિભાગ અને સમગ્રતયા તંત્ર કામ કરી રહ્યું છે.. સારામાં સારી સારવાર દરેકને મળે અને મૂલ્યવાન જીવન બચાવવા દિવસ રાત પરિશ્રમ કરી રહ્યા છે. ત્યારે આપણે સૌએ અને જે લોકો સંક્રમિત નથી થયા તે તમામે એક બાબત સારી રીતે સમજી લેવી જોઇએ કે આપણે આરોગ્યની ગાઈડલાઈનનું અચૂક પાલન કરવું જ રહ્યું.

મહીસાગર જિલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર–આરોગ્યબ તંત્રની ટીમ, ડોકટર્સ, મેડિકલ અને નોનમેડિકલ સ્ટાફ, પોલીસ વિભાગ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી કર્મચારીઓ, જરૂરી સેવાઓ આપનાર કર્મીઓ આ તમામ દેશના સૈનિકોની માફક આપણી સુરક્ષા માટે પોતાનો જીવ જોખમમાં મૂકીને તેમની જવાબદારીઓ અદા કરી રહ્યા છે. ત્યારે તે તમામની સેવાઓને બિરદાવવી એ આપણી જવાબદારી અને ફરજ પણ છે.

ત્યારે આવો આજે આપણે નવા વર્ષે સંકલ્પન લઈએ કે જયાં સુધી વેકસીન નહીં ત્યાં સુધી ઢીલાશ નહીં, માસ્ક એજ વેકસીન સૂત્રને અપનાવીશું અને જાતે સુરક્ષિત રહી બીજાને પણ સુરક્ષિત રાખીશું અને જરૂરી સુચનાઓનું પાલન કરી કોરોનાના હરાવી તંદુરસ્ત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી થઇશું.

# મહીસાગર જિલ્લામાં ગુજરાત સેવા આયોગ ગાંધીનગર દ્વારા પોલીસ ઈન્સપેક્ટર (બિન હથિયારી) વર્ગ-૨ની જાહેર પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય તે માટે જાહેરનામું

લુણાવાડા, ગુજરાત સેવા આયોગ ગાંધીનગર દ્વારા પોલીસ ઇન્સપેક્ટર (બિન હથિયારી) વર્ગ–૨ની જાહેર પરીક્ષા તા.૦૩/૦૧/૨૦૨૧ રોજ યોજાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે, તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતા પૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે તથા પરીક્ષા કેન્દ્રો ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી, મહીસાગર લુણાવાડાની વંચાણે લીધેલ આમુખ –૧ થી જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર.ઠક્કર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩ ની કલમ –૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉપરોકત હેતુસર તા.૦૩/૦૧/૨૦૨૧ સુધી રોજ સવારના ૮–૦૦ કલાકે થી સાંજના ૧૮–૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના જિલ્લામાં આવેલ પ્રતિબંધિત વિસ્તાર પરીક્ષાના બિલ્ડીંગમાં કિસાન માધ્યમિક વિદ્યાલય, બસ સ્ટેન્ડ સામે, લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલ, એસ.ટી. વર્કશોપ સામે, લુણાવાડા એસ.કે. હાઈસ્કૂલ, રાજમહેલ બ્રાન્ચ, લુણાવાડા હાજી.જી.યુ. પટેલ હાઈસ્કૂલ, મધવાસ દરવાજા, લુણાવાડા સરદાર પટેલ વિદ્યાલય, ચારકોસીયા નાકા પાસે, વેલ્હેમ્સ ઇન્ટરનેશન સ્કૂલ, સૈફી હોસ્પિટલ પાસે, ચારકોસીયા નાકા, મોડાસા રોડ, લુણાવાડા મુજબના પરીક્ષા કેન્દ્રો / બિલ્ડીંગો ખાતે ચતૃદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારમાં નીચે દર્શાવેલ કૃત્યો કરવા ઉપર મનાઈ ફરમાવી છે.

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બિનઅધિકૃત વ્યકિતઓએ અવર – જવર કરવી નહિ. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ – વિક્ષેપ ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું / કરાવવા ઉપર, પરીક્ષાર્થીઓ, શિક્ષકો , સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેકટ્રોનીક આઇટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેક્યુલેટર તથા તેવા બીજા ઈલેકટ્રોનિકસ ગેઝેટસ/ ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર, પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે, કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ લે કરવી કે કરાવવા ઉપર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી પરીક્ષા કેન્દ્રોના ત્રણ કિ. મી ના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેકસ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૮–૦૦ કલાક થી ૧૮–૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ –૧૮૮ હેઠળ નીચે મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે પરીક્ષા કેન્દ્રો / બિલ્ડીંગોના કમ્પાઉન્ડની અંદર થયેલ ભંગ અંગે જિલ્લા શિક્ષણાધિકારી, મહીસાગર દ્વારા અધિકૃત કરવામાં આવેલ સરકારી અમલદાર તથા સ્થળ સંચાલક તેમજ કાયદો અને વ્યવસ્થાના ભંગ બદલ મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીઓને જાહેરનામાના ભંગ કરનાર સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ – ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

# મહીસાગર જિલ્લામાં કમોસમી વરસાદને ધ્યાને લઈ ખેડૂત મિત્ર જોગ સંદેશ

લુણાવાડા, હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તાજેતરમાં ઉત્તર ગુજરાતમાં છૂટા છવાયા પ્રમાણમાં કમોસમી માવઠું / કરાની આગાહી થયેલ છે. આવા સમયે વાદળછાયા વાતાવરણને કારણે મોટા ભાગે ખેડૂતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે. તેમ છતાં નીચે મુજબના તકેદારીના પગલા લેવા મહીસાગર જિલ્લાના ખેડુતોને સંદેશ આપવામાં આવે છે. શકય હોય ત્યાં ઉભા પાકમાં પીયત આપવાનું હાલ પૂરતું ટાળવું. જેથી વધારે ભેજવાળું હવામાન ટાળી શકાય અને સંભવીત રોગ/ જીવાતનો ઉપદ્રવ અટકાવી શકાય. જંતુનાશક દવાખાતરનો ઉપયોગ સ્થાનિક પરિસ્થિતી મુજબનો રાખવો, વરસાદના લીધે નીચાણવાળા ઉભા પાકના ખેતરોમાં પાણી ભરાઈ રહેતું હોય તો ખેતરમાં ભરાઇ રહેલા પાણીનો નિકાલ તાત્કાલિક કરવા જરૂરી આયોજન કરવું. વાદળછાયા વાતાવરણને કારણે રવી પાક ખાસ કરીને જીરૂં, અજમો, વરિયાળી, ધાણા, મેથી, બટાકા જેવા પાકોમાં ફુગ જન્ય રોગો તેમજ ખાસ કરીને તુવેર, દિવેલા, ચણા જેવા પાકોમાં જીવાતના પ્રમાણમાં વધારો થતો હોય છે. જે ધ્યાને આવે તો યોગ્ય જે દવાનો ભલામણ મુજબ છંટકાવ કરવો. ખેતરમાં કાપણી કરેલ જણસી અથવા ઘાસચારો ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/ તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું,કપાસના પાકમાં તૈયાર થયેલ જીંડવા તાત્કાલિક વીણાવી લેવા, ખરીફ પાક કાપણી માટે તૈયાર થયેલ હોય તો હાલ પૂરતી કાપણીની કામગીરી મુલતવી રાખવી. આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો. અગમ ચેતી એજ સલામતી રાખવા જિલ્લા ખેતીવાડી અધિકારીની અખબારીયાદીમાં જણાવાયું છે.

# મહીસાગર જિલ્લામાં મહદ અંશે આજે રાહતના સમાચાર

## આજે જિલ્લામાં માત્ર ૦૧ કેશ નોંધાયા

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે.

ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧–૦૧–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૯૪૭ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાલમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષો, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૮૫૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૦૭૮૮૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૬ દર્દી હોમ આઈસોલેશન, CCC લુણાવાડા, ૦૧ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# કાલોલ તાલુકાના બોરૂ ગામેથી જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા

કાલોલ, કાલોલ તાલુકાના બોરૂ ગામે દરગાહની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી બે ઈસમોને ૩૦,૩૮૦/– રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના બોરૂ ગામે દરગાહની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન શાહીદખાન ઈબ્રાહિમખાન બેલીમ, મીરૂભાઈ સિદારભાઈ બેલીમને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને મોબાઈલ મળી કુલ ૩૦,૩૮૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# (પાન નં.૧ નું ચાલુ)

## અર્થતંત્ર પાટે ચડ્યુ

એપ્રિલ૨૦૧૯માં ૧,૧૩,૮૬૬ કરોડ નોંધાયુ હતુ.ડિસેમ્બર ૨૦૨૦માં થયેલ વિક્રમજનક રૂ.૧,૧૫,૧૭૪ કરોડના જીએસટી ક્લેક્શનમાં સેન્ટ્રલ જીએસટી પેટે રૂ. ૨૧,૩૬૫ કરોડ, સ્ટેટ જીએસટી પેટે રૂ. ૨૭,૮૦૪ કરોડ અને આઈજીએસટી પેટે રૂ. ૫૭,૪૨૬ કરોડ (જેમાં ગુડ્સની આયાત પેટે રૂ. ૨૭,૦૫૦ કરોડ) અને સેશ પેટે રૂ. ૮૫૭૯ કરોડ (જેમાં ગુડ્સની આયાત પેટે રૂ. ૯૭૧ કરોડ)ની આવક થઇ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી નવેમ્બર મહિના માટે નોંધાયેલા GSTR-3B રિટર્નની કુલ સંખ્યા ૮૭ લાખ છે. સરકારે સીજીએસટી હેઠળ રૂ. ૨૩,૨૭૬ કરોડ અને આઈજીએસટી હેઠળ એસજીએસટીને રૂ. ૧૭,૬૮૧ કરોડની નિયમિત પતાવટ કરી છે. ડિસેમ્બર ૨૦૨૦ના મહિનામાં નિયમિત પતાવટ બાદ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા મેળવેલી કુલ આવક સીજીએસટી પેટે રૂ. ૪૪,૬૪૧ કરોડ અને એસજીએસટી પેટે ૪૫,૪૮૫ કરોડ રૂપિયા છે.

# પંચમહાલ જીલ્લા ખરીદ વેચાણ સંઘની ચુંટણીમાં ઘોઘંબા તાલુકામાં પરમાર ઘનશ્યામસિંહ બચુભાઈનો ભવ્ય વિજય



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પંચમહાલ જીલ્લા ખરીદ વેચાણ સંઘની ચુંટણીમાં ઘોઘંબા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારની જીત થતા ઘોઘંબા માર્કેટયાર્ડ ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ, ગુણવંતસિંહ, છેલુંભાઈ, જયપાલસિંહ ડાહ્યાભાઈ, ભીખાભાઈ, કિરણભાઈ, ગગાભાઈ, ભરતભાઈ તેમજ જીલ્લા તથા તાલુકાના સૌ આગેવાનો, કાર્યકરો તથા સરપંચ દ્વારા અભિનંદન પાઠવામાં આવ્યા.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૨-૦૧-૨૦૨૧, શનિવાર, માગશર વદ-૩, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૧૨, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૩૦થી અભિજીત ૧૩-૨૩ સુધી, ૮-૪૯થી શુભ-૧૦-૧૦ સુધી, ૧૨-૫૧થી ચલ-લાભ-અમૃત ૨૬-૫૩ સુધી ૧૮-૧૧૪થી લાભ-૨૯-૫૩ સુધી

- શુભ હોરા-
૮-૨૨ થી ૯-૧૬ સુધી,૧૧-૦૩થી ૧૩-૪૫ સુધી,૧૪-૩૯થી ૧૫-૩૩ સુધી,૨૭-૨૦થી ૨૦-૨૬ સુધી

# દૈનિક રાશીફળ

**તા.૦૨.૦૧.૨૦૨૧ શનિવાર**

મેષ(અ.લ.ઈ.) :- બિન જરૂરી ખર્ચ ઉપર કાબુ રાખવો જરૂરી રહે. આવક વધારવાના પ્રયત્નો ફળવાના ભાઇ બહેનોથી સહકાર રહેવાનો.

વૃષભ(બ.વ.ઉ.) :- વિચારોમાં પરિવર્તન કરવું જરૂરી છે. વિદેશ જવાની તક ઉભી થાય રાજકારણમાં સફળતા મલવાની રોમાન્સમાં સફળતા.

મિથુન(ક.છ.ઘ.) :- હરીફો ઉપર વર્ચસ્વ વધારવા વધુ મહેનત જરૂરી છે. લગ્નજીવનમાં ગેર સમજોથી દૂર રહેજો ધાર્મિક કાર્યમાં સફળતા.

કર્ક(ડ.હ.) :- મોજશોખનું પ્રમાણ વધવાનું સાથે સાથે મહેનત પણ કરવાના મિલ્કતના કાર્યોમાં અનુકુળતા વાળો સમય રહેવાનો.

સિંહ(મ.ટ.) :- ગૂચવાયેલા પ્રશ્નો હલ થવાના છે. ગેબી શકિતની મદદ મલે છે જે તમારા સારા કર્મોનું ફળ છે. ગુસ્સો ટાળજો.

કન્યા(પ.ઠ.ણ.) :- મુંઝવવાનો સામનો રહેવાનો થોડી ધીરજ કેળવજો મોજશોખ પાછળ સમયનો વ્યય ન કરવો પ્રયાસ થાય.

તુલા(ર.ત.) :- આનંદ ઉત્સાહમાં વધારો થવાનો છે. મહત્વની વ્યકિતની મુલાકાત થાય. રોમાન્સમાં સફળતા નોકરીમાં બદલીના ચાન્સ.

વૃશ્ચિક(ન.ય.) :- સાહસીકો માટે અનુકુળ દિવસ રહેવાનો નવી યોજનામાં સફળતા મલવાના ટુંકી મુસાફરીનો યોગ ઉભો થાય.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- અચાનક સારો લાભ મલે જુના મિત્રોની લાભ રહેણાંકના મકાનમાં સુવિધાઓ વધવાની ઉધારીથી જાળવવું જરૂરી રહે.

મકર(ખ.જ.) :- આવકની ખર્ચ પણ રહેવાનો લકઝરી ચીજવસ્તુનો લગાવ રહે અટકતા કાર્યોને પ્રાધાન્ય આપજો.

કુંભ(ગ.શ.સ.) :- જીવન સાથીના સ્વાસ્થ્યને લઈને તનાવ રહે. નોકરીમાં ચીવટ રાખવી. શેર સટ્ટામાં કરેલું રોકાણ લાભદાયક રહેશે.

મીન(દ.ચ.ઝ.) :- મહત્વના નિર્ણયો બાબત સમજદારી કેળવજો અધિકારીઓ સાથે સુમેળ રાખવો. અંધશ્રધ્ધાથી દૂર રહેજો.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ડિજિટલ ગુજરાત
## સરકારી સેવાઓ
## વધુ પારદર્શક, વધુ ઝડપી

રૂપાણી સરકારના ૪ મહત્વપૂર્ણ સ્તંભમાંનો એક સ્તંભ પારદર્શકતા છે. ડિજિટલાઈઝેશનથી આ સ્તંભ વધુ મજબૂત થયો છે



Digital SEVA SETU

ગ્રામ્ય ગુજરાતની ડિજિટલ ક્રાંતિ

- પહેલા જે સરકારી વહીવટી સેવાઓના કામ માટે જિલ્લા-તાલુકા મથકે જવું પડતુ હતું તે કામ હવે ગ્રામ પંચાયતમાં જ ઓનલાઈન થઈ રહ્યાં છે
- એફિડેવિટ કરવાની સત્તા ગ્રામ પંચાયત કક્ષાએ તલાટી-કમ-મંત્રીને આપવામાં આવી
- આવકનો દાખલો, રેશનકાર્ડની સેવાઓ, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા જેવી ૨૨થી વધુ સરકારી સેવાઓનો લાભ ગ્રામ પંચાયત કક્ષાએ જ સરળતાથી મળશે

RTO ની સુવિધા ઓનલાઈન
- વાહનોની નોંધણી, ડ્રાઈવિંગ લાઈસન્સનું રિન્યુઅલ, ડુપ્લિકેટ આર.સી. જેવી મોટાભાગની સુવિધાઓ ઓનલાઈન ઉપલબ્ધ
- જેનાથી ૪૫ લાખ લોકોને આર.ટી.ઓ. કચેરીના ધક્કા ખાવાથી મળી મુક્તિ

મહેસુલ વિભાગની સુવિધાઓ ઓનલાઈન
- જમીન NA કરાવવી, NOC, વારસાઈ, ખેડૂત ખાતેદારોની ખરાઈ જેવી મહેસુલ વિભાગની ૨૩ સેવાઓ IORA પર ઓનલાઈન ઉપલબ્ધ
- મહેસુલી સેવાઓ કોઈ પણ જાતના ભ્રષ્ટાચાર વગર ઓનલાઈન ઝડપથી મળતી થઈ

બાંધકામની પરવાનગી ઓનલાઈન
- રાજ્યમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ (ODPS) અને ODPS 2.0 થી ઝડપી બાંધકામની ઓનલાઈન પરમિશન ઉપલબ્ધ
- ડેવલપમેન્ટની કામગીરી માટેની મંજૂરીની આંટાઘૂંટી સરળ બની અને ભ્રષ્ટાચારનો અવકાશ શૂન્ય બન્યો

ઓનલાઈન હરાજી
- ખાણ-ખનિજોની લીઝની ઓનલાઈન હરાજી, ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ગેરકાયદેસર ભૂ-ખનન રોકવા બાજ નજર
- ભૂ-ખનન માફિયાઓ પર અંકુશ લાગ્યો

ઓનલાઈન હાજરી
- રાજ્યની તમામ શાળાઓના શિક્ષકોની ઓનલાઈન હાજરીની વ્યવસ્થા કરાઈ, શિક્ષણકાર્ય નિયમિત થયું
- શાળામાં શિક્ષકો અને શિક્ષણકાર્ય નિયમિત બન્યું

DBT દ્વારા સીધા ખાતામાં પૈસા
- સરકારની જનહિતલક્ષી યોજનાઓનાં લાભાર્થીઓને DBT દ્વારા સીધા ખાતામાં પૈસા
- જેનાથી સરકારે મોકલેલા પૈસા કોઈ પણ વચેટીયા વગર સીધા લાભાર્થીને મળી રહ્યાં છે

CM ડેશબોર્ડ દ્વારા 3000થી વધુ ઈન્ડિકેટર્સથી વિવિધ વિભાગોની કામગીરી તેમજ યોજનાઓ પર મુખ્યમંત્રીની સીધી નજર
- લોકડાઉનના સમયમાં ડેશબોર્ડ દ્વારા કોવિડને લગતી વ્યવસ્થાઓ પર મુખ્યમંત્રી નજર રાખી શક્યા
- વિવિધ યોજનાઓને લઈને જનતાના અભિપ્રાય સીધા મુખ્યમંત્રી સુધી પહોંચ્યા
- પાછલા ૧૧ માસમાં ૨ લાખથી વધુ નાગરિકો સાથે સંવાદ કરવામાં આવ્યો

નિર્ણાયક નેતા,
મજબૂત સરકાર



ડિજિટલ ગુજરાત મિશન અંતર્ગત છેવાડાના માનવી સુધી ટેકનોલોજી અને વહીવટી સરળતાનો લાભ પહોંચાડવા માટે ગુજરાત સરકાર કાર્યરત છે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# ઝાલોદ ધારાસભ્યના ભાઈની હત્યાકાંડમાં ધરપકડના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા રેલીયોજી પ્રાંત અધિકારીને આવેદન આપ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, ઝાલોદ ના કાઉન્સીલર હિરેન પટેલ હત્યાંકાડમાં ઝાલોદના ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈ અમિત કટારાની આ કેસ સંદર્ભે ઝાલોદના ચિત્રોડીયાથી અટકાયત કર્યા બાદ આજરોદ ઝાલોદના કોંગ્રેસના રાજકારણમાં ગરમાવો સર્જાયો છે અને એમએલએ ભાવેશ કરારા, તેમના પિતા બાબુભાઈ કટારા સહિત ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અમિત કટારાની ધરપકડના મામલે ભારે વિરોધ નોંધાવ્યો હતો. રાજકીય કિન્નાખોરી રાકી ખોટા કેસ કર્યા હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યો છે. ઝાલોદ નગરમાં વિશાળ રેલી યોજી પ્રાંત અધિકારીને આ બાબતનું એક આવેદન પત્ર પણ સુપરત કર્યું હતું અને જણાવ્યું હતું કે, યોગ્ય તપાસ ન થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. ઝાલોદ નગરમાં આ રેલીને ધ્યાનમાં લઈ દાહોદ જિલ્લા એસ.પી. સહિત જિલ્લા પોલીસ કાફલો ઝાલોદ ધસી ગયો હતો અને હાલ પણ કોઈ અનીચ્છીનીય બનાવ ન બને તેની સંપુર્ણ તકેદારી રાખે ઝાલોદ નગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે.

# ઝાલોદ હિરેન પટેલ હત્યાકાંડના ધરપકડ કરાયેલ અમિત કટારાને કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા

દાહોદ, બહુચર્ચિત દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કાઉન્સીલરના હત્યાંકાડમાં ઝાલોદના ધારાસભ્ય ભાવેશ કટારા ભાઈ અમિત કટારાનું નામ ઉછળતાંની સાથે જ તેની ધરપકડ કર્યા બાદ આજરોજ અમિત કટારાને ઝાલોદ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો અને જયાં તેના તારીખ ૦૫ જાન્યુઆરી એટલે કે, પાંચ દિવસના કોર્ટે રિમાન્ડ મંજુર કરતાં હવે આ હત્યાંકાડ પાછળથી અનેક ચહેરાઓ બહાર આવવાની સંભાવનાઓ જણાઈ રહી છે.

ઝાલોદ ના કાઉન્સીલરની હત્યા પ્રકરણમાં એક પછી એક આરોપીઓની ધરપકડ કરવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ ઝાલોદના જ ઈરફાન ઉર્ફે ઈમુ ગુડાલાની ગુજરાત એટીએસની ટીમે હરીયાણાથી ધરપકડ કર્યા બાદ આ હત્યાકાંડમાં ઝાલોદના ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈ અમિત કટારાનું નામ ઉછળતાંની સાથે જ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા આ અમિત કટારાના ધરપકડના ચક્રોગતિમાન કરી દીધા હતાં અને ગણતરીના કલાકોમાં આ અમિત કટારાને ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા ગામેથી ગઈકાલે એટલે કે, તારીખ ૩૧ ડિસેમ્બરના રોજ તેના આશ્રય સ્થાનેથી એલ.સી.બી. પોલિસે અટકાયત કરી દાહોદ પોલીસ મથકે લાવ્યા હતા. આજરોજ ઝાલોદ તાલુકા કોંગ્રેસ દ્વારા ઝાલોદ પ્રાંત અધિકારીને આ બાબતે એક તરફ આવેદનપત્ર સુપ્રત કર્યું. ત્યારે બીજી તરફ આ અમિત કટારાને દાહોદ પોલીસ દ્વારા ઝાલોદ કોર્ટમાં હાજર કરવાની કાર્યવાહી વચ્ચે આ મામલો ઝાલોદ નગરમાં ભારે તંગદીલી પણ ફેલાવી હતી, પરંતુ પોલીસ દ્વારા પોતાની ફરજ પર અડગ રહી આ અમિત કટારાને મોડી સાંજે ઝાલોદ કોર્ટમાં રજુ કર્યો હતો અને ઝાલોદ કોર્ટ સમક્ષ તેના ૧૪ દિવસના રિમાન્ડ માંગ્યા હતા પરંતુ કોર્ટ દ્વારા દલિલોને ગ્રાહ્ય રાખી તેના પાંચ દિવસના એટલે કે, તારીખ ૦૫મી જાન્યુઆરી ૨૦૨૧ સુધીના રિમાન્ડ મંજુર કરતાં દાહોદ જિલ્લાના રાજકારણમાં એક પ્રકારનો સ્તબ્ધતાનો માહોલ પણ જોવા મળ્યો હતો.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા

દાહોદ, દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૬ કોરોના કેસો નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૬૪૭ ને પાર થયો છે.આર.ટી.પી.સી.આર.ના ૩૦૦ પૈકી ૦૫ અને રેપીટ ટેસ્ટના ૬૮૫ પૈકી ૦૧ મળી આજે કુલ ૦૬ કોરોના કેસો સામે આવ્યા છે. આ ૦૬ પૈકી દાહોદ અર્બનમાંથી જ ૦૪ કેસોનો સમાવેશ થયો છે. અને દેવગઢ બારીયા ગ્રામ્ય માંથી બે કેસનો સમાવેશ થયો છે. આજે વધુ ૧૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૩૧ રહેવા પામી છેઅનેમૃત્યુઆંક કુલ ૯૧ રહેવા પામી છે.

# દે.બારીઆ નગર પાલિકા વિસ્તારના રોડના કામોમાં શેનું ગ્રહણ લાગ્યું છે ?

દે.બારીઆ, દેવગઢ બારીઆ નગર પાલિકાની વિકાસની યોજના એસ.બી.એમ. અને ૧૫ % vivek, 14th fin, MMSSY ના યોજના અનુસાર ૩૦ જેટલા કાર્યો કરવાના બાકીના અઢી વર્ષ માટે નવિન બોડીની સામાન્યસભામાં લગભગ રૂ.૫,૭૮,૯૯,૭૯૦/- જેટલી માતબર રકમ શહેરના મોટાભાગના રોડ બનાવવા પાછળ ખર્ચ કરવા માટે સામાન્યસભા પણ ભરી હતી પરંતુ અનુક્રમાંક નંબર ૧૧, ૧૭, ૧૯, ૨૨ ક્રમાંકના યાદી મુજબના કાર્યો થયેલા દેખવા મળે છે. અત્રે ઉલ્લેખનિય છે કે અનુક્રમાંક ૧૭, ૧૯ નું કાર્ય દિવાળી પહેલા ચાર દિવસ અગાઉ એ પણ રાતોરાત બનાવ્યા હતા. ત્યારબાદ દિવાળીના બે અઠવાડિયા બાદ અનુક્રમાંક નંબર ૧૧ રીસફેસીંગ અસફાલ્ટ રોડ ફ્રોમ ટાવર શેરીનો કાર્ય દેવ દિવાળીના અઠવાડિયા બાદ રાતોરાત બનાવ્યો હતો. ગોકુળગતિ એ પણ રાતોરાત રોડોના કાર્યો કેમ પતાવવામાં આવે છે. તે પ્રશ્નાર્થ છે. આ ખાતમૂહુર્ત યાદી મુજબના કાર્યો અઢી વર્ષના બાકીના સમય દરમ્યાન બનવા પામશે ખરાં તે યક્ષ પ્રશ્ન છે ? આ શહેરના વિકાસ ના કાર્યો શું મેળાપીપણાથી ઓન પેપર તો બની તો નહિ જાય તેવું શહેરમા ટોક ઓફ ટાઉન બનવા પામ્યું છે. અગાઉની ભાજપની બોડી એ શહેરના મોટા તળાવને એકભવ્ય પ્રોગ્રામ રાખીને ઉદ્દઘોષણ કરવામાં આવી હતી કે નગર પાલિકા હસ્તકના તળાવને બીજું કાંકરીયા બનાવી દઈશું પરંતુ કાંકરીયા તો શું સુરસાગર મુજબ પણ બન્યું નથી.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લામાં આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના
# હસ્તે રૂા. ૭૦૫ કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ- ખાતમૂહુર્ત કરાશે

ગોધરા, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આજે તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ પંચમહાલ જિલ્લાના લોકોની સુખાકારી માટે કુલ રૂા. ૭૦૫ કરોડથી વધુના ખર્ચે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવશે. શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે શહેરા તાલુકાના મહેલાણ ખાતે યોજાનાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી રૂપાણી દ્વારા રૂા. ૨૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવશે જેમાં રૂા. ૧૩૬ કરોડથી વધુના ખર્ચે મોરવા હડફ ખાતે હારેડા જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરાશે. આ યોજના કાર્યાન્વિત થવાથી મોરવા હડફ તાલુકાના ૫૧ ગામોના અંદાજે ૨ લાખથી વધુ લોકોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ અંતર્ગત રૂા. ૨૨.૪૩ કરોડના ખર્ચે હાલોલ ખાતે પોલીટેકનિક કોલેજનું બાંધકામ, રૂા. ૧૭.૨૧ કરોડના ખર્ચે મોરવા હડફ ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ, રૂા. ૧૫.૯૦ કરોડના ખર્ચે જાંબુઘોડા ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ અને રૂા. ૮ કરોડના ખર્ચે શિક્ષણ વિભાગ દ્વારા ગોધરા તાલુકામાં ચંચોપા મોડેલ સ્કુલનું લોકાર્પણ કરાશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે વિવિધ વિભાગ અંતર્ગત તૈયાર થનાર રૂા.૫૦૫ કરોડથી વધુના વિકાસ કામોનું ભૂમિપૂજન કરવામાં આવશે. જેમાં જળ સંપત્તિ વિભાગ હેઠળ રૂા.૩૧૫ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ જળાશય આધારિત ઉદ્વહનથી તળાવ ભરવાની યોજનાના કામો અને રૂા.૧૩૮ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ હાઈલેવલ કેનાલ આધારિત ઉદ્વહનથી તળાવ ભરવાની યોજના કામોનું ખાતમૂહુર્ત કરાશે. આ યોજના તૈયાર થવાથી ૧૨૮ ગામોની ૪૩,૫૦૦ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે.

જ્યારે શિક્ષણ વિભાગ (GCERT) ગાંધીનગર અંતર્ગત રૂા.૧૨.૬૦ કરોડના ખર્ચે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગોધરા, અંબાલીના નવીન બાંધકામ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ ગોધરા અંતર્ગત રૂા. ૩૫ કરોડના ખર્ચે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી હાલોલ, પાણી પુરવઠા વિભાગ હેઠળ રૂા. ૬.૬૬ કરોડના ખર્ચે વણાકબોરી ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના તેમજ રૂા. ૩.૧૦ કરોડના ખર્ચે અદેપુર ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના જ્યારે બાગાયત વિભાગ, ગોધરા–પંચમહાલ હેઠળ રૂા. ૫.૪૩ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર એટ ખાંડીવાવ, જાંબુઘોડાનું ખાતમૂહુર્ત કરવામાં આવશે.

આ પ્રસંગે પાણીપુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, કૃષિ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમાર, સાંસદઓ, ધારાસભ્યઓ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

**- પાણી પુરવઠા અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ વિભાગના રૂા. ૨૦૦ કરોડના કામોનું લોકાર્પણ.**

**- જળસંપત્તિ- પાણી પુરવઠા સહિત વિવિધ વિભાગોના રૂા. ૫૦૫ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરાશે.**



પાનમ નદી પર આવેલ પાનમ જળાશયના ઉપરવાસમાં હારેડા ગામની સીમ નજીક ઈન્ટેક વેલ બનાવી ૦૫ કી.મી જેટલી લંબાઈની પાઈપલાઈન નાખી શુદ્ધિકરણ પ્લાન્ટ સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે. શુદ્ધ પાણીને ત્રણ ભૂગર્ભ સંપ તેમજ ત્રણ ઉચી ટાંકી અને ૧ કિમી લાંબી વિતરણ પાઈપલાઈન થકી ૫૧ ગામોની વસ્તી સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનું શરૂ કર્યુ છે. ૫૧ ગામોના તમામ ફળીયાઓની કનેકટીવીટી માટે ૫૪૫ કિમી જેટલી પી.વી.સી. પાઈપ લાઈન નાંખી ફળીયાઓ સુધી સ્ટેન્ડ પોસ્ટ ઉપર પાણી પુરવઠો શરૂ કરેલ છે.

## કાલોલ તાલુકાના ડેરોલના રમેશચંદ્ર પટેલને સામાજીક સેવા માટે મહાદેવ દેસાઈ પુરસ્કારથી સન્માન



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતે આવેલી શાંતિનિકેતન શાળામાં ગુજરાત વિદ્યાપીઠ દ્વારા કાલોલના રમેશચંદ્ર પટેલને તેઓની સામાજિક સેવા બદલ મહાદેવ દેસાઈ સમાજસેવા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ઈલાબેન ભટ્ટ વિડિયો કોન્ફરન્સના માદયમથી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રમેશચંદ્ર પટેલ દ્વારા લખવામાં આવેલા પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

## ગોધરા શહેરમાં ૩૧ ડિસેમ્બરની રાત્રીના સમયે ૨૧ ઈસમોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડયા

ગોધરા, ૩૧ ડિસેમ્બરના રાત્રીના સમયે નવા વર્ષની ઉજવણી માટે લોકો કોરોનાકાળમાં ભેગા ન થાય તેમજ નશો કરીને ન ફરે તે માટે ગોધરા શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો. રાત્રીના સમયે એ ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં પોલીસ ચેકીંગ દરમ્યાન ૧૯ ઈસમોને નશો કરેલ હાલતમાં ઝડપ્યા હતા. જ્યારે બી ડીવીઝન પોલીસ મથકે બે ઈસમોને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પંચમહાલ જીલ્લા પોલીસ વિભાગ દ્વારા ૩૧ ડિસેમ્બરના રાત્રીના સમયે નવા વર્ષના સેલીબ્રેશન માટે લોકો એકઠા ન થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કોરોના મહામારીના સમયે લોકો ૩૧ ડિસેમ્બરના સેલિબ્રેશન માટે લોકો રાત્રીના સમયે ન નિકળે તે માટે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. એ ડીવીઝન પોલીસ મથક વિસ્તાર માંથી પોલીસ દ્વારા ૧૯ ઈસમોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાંથી બે ઈસમોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડયા હતા. ગોધરામાં પોલીસે ઝડપી પાડેલ ૨૧ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૭૯૪

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

**- ૦૬ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૩૫.**
**- મૃત્યુ આંક - ૧૩૪.**

વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૭૯૪ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૫, હાલોલ–૦૫, કાલોલ–૦૧, ઘોઘંબા–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ

## ગોધરા દેનાબેંકમાં સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળ્યા



ગોધરા, હાલમાં કોરોના મહામારી ના કારણે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કોરોના ને હરાવવા માટે પ્રજાજનોને કોરોનાની ગાઈડ લાઈન અનુસરવા માટે વારંવાર અનેક માદયમો થી સજાગ કરવામાં આવે છે. જેમાં સોશિઅલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવે છે. ત્યારે પ્રજાજનો હજી પણ ગંભીરતા દાખવતા નથી તેમ લાગી રહ્યું છે. જેનો દાખલો ગોધરા શહેર માં જોવા મળ્યો હતો. ગોધરા શહેર માં આવેલી દેનાબેન્કમાં બેન્કના કામકાજ અર્થે આવતા ખાતા ધારકો એ કોરોના ગાઈડ લાઈનની ઐસી તૈસી કરી ને સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવ્યા હતા. ત્યારે બેન્ક સત્તાધીશો પણ લાપરવાહ હોય તેમ કોરોનાની ગાઈડ લાઈનને અનુસરતા નથી.

## શહેરા તાલુકા સિમલેટ બેટ ઉપર વસવાટ કરતાં લોકોને વીજળી અને પુલની સુવિધાની મુખ્યમંત્રી જાહેરાત કરે તેવી માંગ




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના જુના મહેલાણ ગ્રામ પંચાયતના વિસ્તારમાં આવેલ સીમલેટ બેટ પાનમ ડેમનું જ્યારથી નિર્માણ થયું. ત્યારથી આ સીમલેટ બેટ ચારેબાજુથી પાણીથી ઘેરાયેલું છે. હાલમા પણ અહીના લોકો વર્ષોથી અંધારામાં રહેવા સાથે નાવડીમાં અવર જવર કરવાની ફરજ પડી રહી છે. રાજ્યના મુખ્ય મંત્રીના હસ્તે આ ગામ ખાતે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ શનિવારના રોજ થનાર છે. સિમલેટ બેટમા જવા માટે પુલ અને વીજળીની સુવિધા ઉપલબ્ધ થાય તેવી જાહેરાત સી.એમ. કરે તેમ અહીના સ્થાનિક લોકો ઈચ્છી રહયા છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના જુના મહેલાણ ગામના સિમલેટ બેટ ચારે તરફ પાનમ નદીના પાણી થી ઘેરાયેલું છે. આ સીમલેટ બેટમાં ૭૦થી વધુ ઘરોમા ૬૦૦ થી ૭૦૦ની વસ્તી હોવા સાથે ૪૦ વર્ષથી આ લોકો અહી વસવાટ કરે છે. પુલ અને લાઈટ જેવી અહી કોઈ સુવિધા ના હોવાથી સીમલેટ બેટ ના લોકો અંધારામાં રહેવા સાથે નાવડીમાં બારે માસ અવર જવર કરતા હોય છે. તેમજ રાત્રીના સમયે દીવાના અજવાળે ભોજન લેતા હોય છે. ચૂંટણી હોય ત્યારે અહીના ૨૫૨ જેટલા મતદારો જીવન ના જોખમે જળ યાત્રા કરીને પણ મતદાન અવશ્ય કરતા હોય છે. પાનમ નદીનું પાણી ઊંડું હોવા છતાં અહીના સ્થાનિક લોકો નાવડીમાં એક કી.મી. સુધી જળ યાત્રા પાછલા કેટલાક વર્ષોથી કરી રહયા છે. આ ગામ માં મહેલાણ ખાતે બીજી જાન્યુઆરીના રોજ રાજ્ય ના મુખ્ય મંત્રી લોકાર્પણ અને ખાત મુહુર્ત પ્રસંગે આવી રહયા હોવાથી રાજ્યના મુખ્યમંત્રી અહીના સ્થાનિક લોકો વર્ષોથી નાવડીમાં અવર જવર કરવા સાથે અંધારામાં જીવન જીવી રહયા છે. તેમાંથી મુક્તિ અપાવે અને લાઈટ તેમજ પુલની સુવિધા મળે તેવી માંગ સાથે આશા રાખી રહયા છે. ત્યારે જોવુજ બની રહ્યુંકેશનિવારના રોજ રાજ્યના મુખ્ય મંત્રી ના હસ્તે કરોડો રૂપિયાના વિકાસના કામો માટે ફાળવવામાંઆવ્યા છેતો અહી ના લોકો માટેકોઈ જાહેરાત કરશે કેનહી તે જોવુજ બન્યુંછે

## હાલોલ અનુપમ સોસાયટીમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો : હત્યારાને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી




હાલોલ, હાલોલ અનુપમ સોસાયટીના બંધ મકાનમાંથી અતિશય દુર્ગંધ આવતી હોય જેને લઈ સ્થાનિક રહિશો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં ૪૦ વર્ષીય મહિલાનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મહિલાના હત્યારાઓને શોધવા કામે લાગી છે.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ અનુપમ સોસાયટી આવેલ કનૈયાલાલ જયંતિલાલના મકાનમાં ભાડે થી રહેતા અને સોસાયટીમાં ઘરકામ કરીને ગુજરાન ચલાવતા ચંચીબેન રાઠવા રહે.ઝાંખરીયા,હાલોલનું મકાન બહારી બંધ હાલતમાં હતું અને મકાન માંથી અતિશય દુર્ગંધ આવતાં સોસાયટીના રહિશો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મકાનમાં તપાસ કરતાં મહિલાનું કોઈ અજાણ્યા હત્યારા દ્વારા હત્યા કરીને મોત નિપજાવી મહિલાના મૃતદેહને કપડામાં વિટાંળીને ઘરમાં છુપાવી દઈ ઘરના દરવાજાનને બહારથી તાળું મારી ભાગી ગયો હોય પોલીસ દ્વારા મૃતક મહિલાના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આવ્યો હતો અને મહિલાની હત્યા કરનાર હત્યારાને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 112